
“ચિત્ર માળા સિરીઝ.”



“મફુલમાળા.”

રોગ માત્રનું મૂળ શું ?

બંધકોશ.

મહાન મોટા વૈદ્યો, દાક્તરો અને ફીલોસોફરો પણ રોગમાત્રનું મૂળ બંધકોશજ જણાવે છે. બંધકોશ શરીરનું લોહી બગાડે છે અને લોહી બગાડથી જ દરેક જાતના નાના મોટા ભયંકર રોગ થવા પામે છે, વળી બંધકોશથી વિચારો બદલાય છે અને એજ કુવીચારોથી શુભકાર્યો પણ બગડે છે.

બંધકોશ એ શરીર તંદુરસ્તીનો મોટો શત્રુ છે.

ડૉ. બી. કે. શાહની સર્વોત્તમ જુલાબની ગોળી

જે માણસ માત્રને વાપરવા લાયક છે, કોઇપણ જાતથી નુકશાન કર્તા છેજ નહી, નાના બાળકો તથા મોટા પુરૂષો આ ગોળીને પસંદ કરી ઉત્સાહથી વાપરી શકે છે, ગળું બળતું નથી, ચુંક આવતી નથી, ફક્ત એકજ ગોળી લેવાથી દસ્ત સાફ લાવી તમામ બગડેલા મળને સાફ કરી રોગ માત્રનું મૂળ નાબુદ કરે છે.

એકવાર વાપરવા ખાસ ભલામણ છે.

એજંટ,—	પત્રવ્યવહાર કરો,-
સી. કે. શાહ.	**ડૉ. બી. કે. શાહ.**
મુ. કરમસદ.	મુ. નાર.
આણંદ.	વાયા-આણંદ.



(જુઓ પૃષ્ઠ ૨૦ મે.)

॥ ૐ શ્રી ॥

ગુજરાતી સચિત્ર આના સીરીઝ.

બકુલમાળા.

તૃતીય પુષ્પ.

શાર્દૂલ

ત્રિણી કોમળ સુરભિમય પુષ્પો મહા શાન્તિદા;
ગુંથી તેની અનુપમુદ્ર પ્રદર્શી માળા અહો ! શારદા.
અર્પે સ્નેહ થકી અતિ રસવતિ માળાજ એ બાળને,
હર્ષે શાં રસબાળ સત્વર ગ્રહી કંઠે ધરે માળને.

પ્રકાશક

દવે નાનાલાલ ડાહ્યાભાઈ. આણંદ.

ઢીંચીશેડના પુલ નીચે શ્રી જૈન વિદ્યાવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ચુનીલાલ અમથાશાએ છાપી.

અમદાવાદ.

બાર પુષ્પનો રૂ. ૧) પોસ્ટેજ સાથે.

આવૃત્તિ ૧ લી. ભેટનું પુસ્તક મફત. સંવત ૧૯૭૧

સને ૧૯૧૫.

"વિજ્ઞપ્તિ"

આપની સમક્ષ બકુલ તૃતીય પુષ્પે પૂર્ણરૂપે દર્શન દીધું છે, તે જોતાં ખાત્રી થશે કે દીન પ્રતિદીન તેને સર્વોત્તમ બનાવવાના પ્રયત્નો ચાલતાજ રહે છે. ટુંક વખતમાં ચતુર્થ પુષ્પ બહાર આવશે.

બકુલમાળા અનિયમિત નીકળવાનું કારણ ફક્ત એજ કે, તે માસિકના રૂપનું પત્ર નથી, પણ "આનાસીરીઝ" તરીકે બહાર પડે છે. જેના બાર અંકો ગ્રહાકોને આપવાનેજ સંસ્થા બંધાયલી છે. નિયમિત કાઢી માસિકનું રૂપ આપવામાં અનેક અડચણો નડે છે જેથી તે માળારૂપે રહેશે, જેથી ગ્રહાકોએ અંક વહેલો મોડો મળવાથી અસંતોષ ન થવું.

ભેટનું પુસ્તક નીકળવાની તૈયારી ચાલે છે. કેટલાક સજ્જનો તરફથી, પુષ્પો મળ્યા છતાં આજ દીન સુધી પૈસા ન આવ્યા હોય તેઓએ મોકલી આપવા મહેરબાની કરવી, નહિતો ચતુર્થ પુષ્પ તેઓને બીડવામાં આવશેજ નહિ.

પુષ્પ મફત બીડવાની આ સંસ્થા તરફથી કંઇ પણ સગવડ રાખવામા આવી નથી, જેથી નમુનાના પુષ્પ માટે દોઢ આનાની ટીકીટ બીડવા, અગર ફરતા એજન્ટ દ્વારા ખરીદી લેવી. કેટલાક સજ્જનો, એજન્ટો દ્વારા વી. પી. ઓર્ડર આપી વી. પી. સ્વીકારતા નથી, તેઓએ પ્રથમથીજ વિચાર કરીને ઓર્ડર આપવો, નાહક સંસ્થાને ખર્ચના બોજામાં ઉતારવા તેમજ પોતાનું નામ રેકર્ડમાં નોંધાવવા તસ્દી લેવી નહિ.

હવે પછીના પુષ્પોમાં મહાત્માશ્રી સર્યુદાસજીનું જીવનચારિત્ર તથા આદ્યુનીક સમયમાં કીર્તિદેવીને પ્રાપ્ત કરવાની મહાન કળા ઘણાંજ રહસ્યો, દૃષ્ટાંતો સહિત દર્શાવવામાં આવનાર છે.

વ્યવસ્થાપક—'બકુલમાળા.'

બકુલ માળા.

બુકુલ તૃતીય પુષ્પ.

" સ્નેહ–ઝરણાં. "

(એક તારા ભજનની ધૂન.)

પ્રભુ પાદથી ઝરે, રસબિંદુડાં સ્નેહનાં;
પાવન અંતર કરે, અનેરાં બિંદુ સ્નેહનાં.—
આકાશથી ગંગા ઝરી હાં સગર પુત્રો તારવા;
પ્રભુ પાદથી ઝરણાં ઝરે હો દીવ્ય પંથે દોરવા.
અનુપમ એ રસ ઝરણાં હોઃ— ૧

ધ્વનિ મધુરા સ્ફુરે, બ્રહ્મ ગાયત્રી મંત્રના;
સજીવ અંતર કરે, ભરી જડ ઉરે ચેતના.
જગદેવના સંગીતથી જીવન ફરી પામી સતી;
સ્નેહ ઝરણના સંગીતથી પ્રગટે ઉરે ચેતનનીધિ.
અનુપમ એ રસ ઝરણાં હો:— ૨

નિર્મલતા શી રમે, પ્રણય ઝરણે શાન્તિદા;
પ્રતિબિંબ શુભ પડે, હરે દિલ કેરી આપદા.
હનુમાનના હૈયાં વિષે પ્રતિમા હતી પ્રભુ રામની;
રસ ઝરણનાં હૈયાં વિષે પ્રતિમા પડે શુદ્ધ પ્રેમની.
અનુપમ એ રસ ઝરણાં હો:— ૩

" કોકીલ. "

"રસીકચંદ્ર."

(અનુસંધાન દ્વિતીય બકુલ-પુષ્પના પાના ૨૦ થી)

"કેમરે રસીક, શું કરે છે? આ સ્ત્રી કોણ છે?"

"That's not your, look out please! you may go"

(એ તમારે જોવાની કંઇ જરૂર નથી, મહેરબાન ચાલ્યા જાઓ)

રસીકે જવાબ આપ્યો, જેથી અંગ્રેજીસાહેબ વધુ ચીડાઇ બોલ્યો.

"Rasik! what you speak? mine I am your master"

(રસીક ! શું બોલે છે, હું તારો વડીલ છું, ઉપરી છું.)

રસીકે ઠંડેપેટે જવાબ આપ્યો.

"No matter much, Please. indeed, you are my master, but not in such matters, again I request that you may go."—(વધારે પંચાત કરવાની કંઇ જરૂર નથી, તમો મારા માસ્તર છો પણ તે સ્કુલમાં છો, માટે ફરીથી કહું છું કે તમે તમારે રસ્તે ચાલ્યા જાઓ).

"અરે ઓ નાદાન છોકરા તું તારા પૈસાના તોરનું આટલું બધું ગુમાન ધરાવે છે, ચાલ બોલ કે આ સ્ત્રી કોણ છે?" (રસીકે વીવેકપૂર્વક ડામ દીધો)

"માસ્તર સાહેબ એ પુછવું તમને યોગ્ય નથી, સ્ત્રી પુરૂપના એકાન્ત વાસમાં કદી જવું પણ નહી, તેમજ સામુ જોવું

પણ નહી, એજ સજ્જનતાના લક્ષણ છે, ગુરૂ માબાપ સમાન છે તો આપ ગુરૂપદે વિરાજતા હોવા છતાં અત્યારે નીર્લજ બની પોતાના પુત્રના સુખમાં આડે આવી નાહક કલેશ ઉત્પન્ન કરો છો એ આપ જેવા વિદ્વાન શીરોમણીને શોભતું નથી, જો દુનીયામાં સર્વ ગુરૂઓ આજ પ્રમાણે કરશે તો થોડાજ સમયમાં ભારત વર્ષની પડતીનાં ચીન્હ જણાશે, આપ મારા વડીલ છો, માસ્તર છો, જેથી હું તમોને ફરીથી કહું છું કે આબરૂભેર સીધે રસ્તે ચાલ્યા જાઓ, નહી તો નાહક ભાર ખોશો."

"એટલે તું શું કહેવા માગે છે,? શું હું તને આવાં કુકર્મો કરતાં ન અટકાવું. અને આડી આંખ કરી ચાલ્યો જાઉં. એ નહીજ બને" (આશ્ચર્ય પામી રસીક બોલ્યો)

"કુકર્મ !! કોની સાથે ? પોતાની પત્નીની સાથેના સબંધમાં આવતાં કુકર્મ કહેવાય છે. વાહ ! વિદ્વતામાં અજ્ઞાનતા પ્રગટ થાય છે. વિચારો વિચારો મારા સાહેબ ભુલ થાય છે."

"શું વીચારે !! અરે ઓ અજ્ઞાન પારકી સ્ત્રીને ધર્મ પત્ની બનાવતાં લાજ જરા લાજ, હું તને અત્યારે એ સ્ત્રી સાથે કદીપણ સુખ ભોગવવા દેનારજ નથી. પોલીસ ?–

ગુસ્સાભેર માસ્તર સાહેબે સામેની ગેટ ઉપરથી પોલીસને બુમ મારી બોલાવ્યો, તુરતજ એક પોલીસ દોડતો આવ્યો, ભંગોર સાહેબે તેને (પારકી સ્ત્રીને લઇ નાશી જનાર બનાવી) ઉંધું સમજાવી પોતે દૂર જઇ તમાસો જોતા ઉભા. પોલીસે રસીકની નજીક આવી રૂઆબથી અબેતબે કરવા માંડયું.

"અબે એ ઓરતકુ કહાં લે જાતા હે ?" સવાલ થતાંજ રસીકે દમભેર જવાબ આપવા માંડયો "અરે ઓ ખુશામતી ટટુ

અહીંથી ચાલ્યો જા નહી તો ક્યાંક ધરૂંભેગો થઇ જઇશ સમજ્યો. આ મારી પોતાની સ્ત્રી છે છતાં ખોટા આક્ષેપો મુકી ગુનગાર બનાવવા ઇચ્છા રાખતો હોઇશ પણ નંબર લઇ તુરતજ ટેલીફોનમાં પોલીસ ઇન્સપેકટરને ખબર કરીશ તો રેવડી દાણાદાર થઇ જશે. સમજ્યો !!

" ઓ તેરી ઓરતહૈ યું. અચ્છા તો તુમેરા બાપકા નામ ઠામ બતાવ " " મયેં કનૈયાલાલ ઇન્સપેકટરકા ભતીજા હું. જાસ્તી બાત કરોગે તો ખાલી ખરાબ હોગે, ઓ મારતરકે કહેનેસેં આયે હો, આપ સીધે રસ્તે ચલે જાઓ નાહક ખાના ખરાબીકા બખ્ત મત લાવ, સીધે રસ્તે ચલે જાઓ.

પોલીસને બરાબર જવાબ મળતાં પોતાનુ કંઇ ચાલી શકે તેમ નહીં હોવાથી ચુપચુપ ચાલતાજ થઇ ગયા, અત્યારસુધી સુગુણ નીચું જોઇ એક બાજુ ઉપર ઉભીજ રહી હતી. પોલીસ ત્યાંથી ચાલતો થયો એટલે રસીક તથા સુગુણ એક બીજાનો હાથ પકડી બગીચામાં આમતેમ ફરવા લાગ્યાં. પોલીસને નાશીપાસ બની પાછો આવતો જોઇ ભંગોર સાહેબ રસીકના પીતા નટવરરાય મહેતાને તેડવાને માટે એકદમ શહેર તરફ ચાલતા થયા.

સમય સાંજનો હતો, બદ્રીનાથના રસ્તા ઉપર માણસોની મેદનીને લીધે અત્યંત ધુળ ઉડતી હતી, એક બીજાનું મ્હોડું પણ જોઇ શકાય તેમ નહોતું. એવા સમયે ગુરસાભોર મારતર સાહેબ અથડાતા ટીચાતા શહેરમાં દાખલ થયા. રસીકલાલના મહેલા નજીક આવી પહોંચ્યા. મહેતાના ઘર નજીક આવી બુમ મારી કે "નટવરરાય મહેતા ધરમાં છે કે ?" અંદરથી જવાબ મળ્યા કે "તેઓ બહાર ગયા છે" બહાર ગયા છે. સાભળતાંજ મારતર સાહેબના

હોષ ઉડી ગયા. અને મનથી તરંગો કરવા મચ્યા કે હવે શું કરવું? અત્યારે સાયંકાળનો સમય થઇ ગયો છે, જેથી બદ્રીનાથ પાછા જવાથી કંઇ ફાયદો નથી, કારણ ત્યાંથી સર્વ માણુસો વેરાઇ ગયા હશે, રસીક પણ ચાલ્યો ગયો હશે, જેથી ત્યાં જવાનો હવે નકામો શ્રમ લેવા છતાં ઘર તરફજ પ્રયાણ કરવું એજ સર્વોત્તમ છે, એમ ધારી તેઓશ્રીએ ઘર તરફનો રસ્તો લીધો, મનની મનમાં રહી, ત્રણ ત્રણ દીવસથી કરેલી ઉમંગભર તૈયારીઓમાં કંઇપણ પ્રાપ્ત નહી કરી શકવાથી અત્યંત ક્રોધાતુર બની ગુસ્સામાં ઘર તરફ ચાલવા માંડયું.

સુગુણ તથા રસીક બન્નેનું પ્રેમી જોડુ બગીચામાં બેઠું બેઠું અનેક વાર્તા વિનોદ કરતું હતું, અત્યંત પ્રેમાનંદ ભોગવતું હતું. નાની આમતેમ બગીચામાં ફરતી હતી. આરતીનો સમય થવાથી મંદીરમાં શંખ ઘંટ નોબત આદી નાદની ગર્જના થઇ રહી. એકાન્ત સ્થળ ગાજી ઉઠયું એટલે નાની દોડતી દોડતી સુગુણ પાસે આવી, ત્રણે જણાં મંદીર તરફ ગયાં. દર્શન કરી, કૃતાર્થ થઇ, ભેટ મુકી, તરતજ ઘર તરફ જવાને બહાર નીસર્યાં. ગાડીવાનને બોલાવી ભાડાના પૈસા નકી કરી ત્રણે જણ બેશી ચાલતાં થયાં. ગાડી શહેરમાં દાખલ થઇ. પૂર્વે બતાવેલા ચાર રસ્તા નજીક ગાડી ઉભી રાખવાને રસીકે કહ્યું, જેથી ગાડી ઉભી રહી. નાની તથા સુગુણ બન્ને બેનો ઉતરી પડયાં. પતીને પ્રણામ કરી સુગુણે નાનીનો હાથ પકડી પીયર તરફનો રસ્તો લીધો, અને ગાડી રસીકલાલના ઘર તરફ ચાલતી થઇ. સુગુણથી જુદા પડયા પછી રસીકની દૃષ્ટી ભંગોર માસ્તર સાહેબ તરફ ગઇ. વાદળી ફરી, અનેક વાદળાંથી પ્રેમી મન ઘેરાવા માંડયું. વડીલ પીતાજીની ધાકને લીધે તેનો જીવ અ-

જવા માંડયો. પીતાશ્રી તરફથી ઠપકો મળે, તેમજ આજદીન સુધીનો આ ગુપ્ત પ્રેમ પ્રગટ થાય, જેથી વડીલોની વફાદારીને લીધે ફરીથી પ્રીયાનો મેળાપ ન થઇ શકે. માટે હવે કેવા પ્રયત્નથી પિતાજીને મનાવવા તથા તેઓને પ્રીય થઇ રહી આ વાત તેઓના જાણુમાં આવે તોપણુ તેઓને લેશમાત્ર પણુ શંકા ઉત્પન થવી સંભવેજ નહીં એવા રસ્તાઓ રચવામાંજ તેનું મગજ ગુંથાયું હતું. ગાડી ઘર નજીક આવી કે તુરત ગાડીવાનને ભાડાના પૈસા ચુકવી આપી ચાલતો થયો.

રસીક ઘરમાં આવ્યો, હજી માતા તથા પીતા કોઇપણ બહારથી આવેલાં નહોતાં, જેથી તે મેડા ઉપર જઇ ત્રીજે માળ ઝરૂખામાં એક આરામ ચેર ઉપર જઇ પડયો. અત્યારે તેને ત્યાં પણુ કંઇ ચેન પડયું નહી. આમતેમ ફરવા માંડયું, છતા ગોઠયું નહી. એટલે એક ટેબલ પાસે પડેલી ખુરશી ઉપર જઇ બેઠો અને આમ તેમ પુસ્તકો ઉથામવા મચ્યો. પુસ્તકો ઉથામતાં પાનાં ફેરવતાં એક જુના પુસ્તકમાંથી પોતાના લગ્ન પહેલાંનાં નોંધેલા વીચારોનો એક કાગળ મળી આવ્યો. તુરતજ એ પત્ર રસીકે વાંચવા માંડયો. પત્ર વાંચતાં વાંચતાં થોડાક સમયમાં તેનું હૈયું ભરાઇ આવ્યું, નેત્રોમાંથી આંસુ સરી પડયાં, બળાત્કારે બળતા હૃદયને કાબુમાં રાખતાં છતાં તેનાથી છુટે મ્હોડે ચોધાર આંસુએ રડી પડાયું. અત્યારે નીરભાગી રસીકના મનનું શાંતત્વન કોણ કરે ? ઘરમાં કોઈ નહોતું ફક્ત ચાકર તે પણ બહાર દરવાજા આગળ બેઠેલો. જેથી તેણે થોડીવાર પછી પોતાની મેળેજ પોતાની બળતી જવાળા શાન્ત કરી. છતાં પત્ર હાથથી ન છુટયો તે નજ છુટયો, અધુરો રહેલો પત્ર ફરીથી વાંચવો શરૂ કર્યો " મિત્રોના અનહદ આનંદમાં પણ હું

પ્રિયાનો પ્રેમાનંદ ખાસ કરીનેજ ભોગવીશ " પ્રિયાના પ્રેમાનંદને પ્રભુના પરમાનંદનીજ સરખામણીમાં મુકીશ. જો જગતના મનુષ્યો મને મૂર્ખ કહેશે તોપણ લેશમાત્ર પણ તેની દરકાર રાખ્યા શીવાય હું મારૂં કામ મનસ્વીજ કરીશ. અંતરનાદની ઉર્મીઓને હું પ્રભુના વચનોજ માનીશ અને તેજ સિદ્ધ કરીશ...મા...નાં કહેલાં વચનો પ્રમાણેજ હું વર્તીશ જે અત્યારે હું નોંધી રાખું છું.

પ્રિય વાંચક ! રસીકનું પ્રેમી હૃદય ભરાઇ આવ્યું, તેનું કારણ ફક્ત એજ હતું કે તેના લગ્ન પહેલાંની ઉમંગભર કરેલી મનસ્વી ધારણાઓ અત્યારે તેની સમક્ષ ખડી થઇ. સર્વ ધારણા ધુળ મળી ગયેલી જોઇ સુખને બદલે દુઃખના પ્રસંગો આવતા હોવાથી તેનું પોચું હૃદય છલકાઇ ગયું. પ્રેમીને સદા પ્રેમનુંજ ખાન, પાન ને ગાન તાન હોય. હસવું, બોલવું, રડવું સર્વ પ્રેમમયજ ભાવો ભજવે છે. પિતાજીની મીથ્યા મમતાને લીધે પ્રેમીયુગલ સુખની છાયામાં દુઃખી હતું. તેમજ મનની વ્યથા દુર કરવાનું કંઇપણ સાધન જણાતું નહોતું. રસીકનાં માતાપીતા બહારથી આવ્યાં, નોકરને પુછતાં ખબર મળી કે ભાઇ ઉપર છે જેથી પીતાએ રસીકને બુમ મારી નીચે બોલાવ્યો. રસીકને દૃઢ ખાત્રીજ થઇ ગઇ કે નક્કી ભંગોર માસ્તરે પીતાજીને આની સર્વ વાત કહેલી હોવી જોઇએ, નહો તો ઘરમાં દાખલ થતાંની સાથ આજે પીતાજીએ મને કેમ બોલાવ્યો હશે ? આમ શંકાભર વીચારો કરતો રસીક નીચે આવ્યો, હીંદોળા ઉપર બન્ને પીતા પુત્ર બેઠા. મહેતાએ હસતાં હસતાં રસીકને આજની બદ્રીનાથની અલૌકીક રચનાની વાત પુછવા માંડી—

"કેમ રસીક આજે બદ્રીનાથમાં જોવાની તો મઝા પડી હતીને ?"

પીતાશ્રીનો પ્રશ્ન થતાંજ રસીક તેનો અવળો ભાવાર્થ લઇ પોતાના વિચારોનેજ મળતો જવાબ આપવા લાગ્યો.

"હા પિતાજી મઝા તો પડી હતી, પણ આપ સમજુ છો એ મઝા મારે શા કામની. હું કંઇ નાદાન નથી કે એવી મેળાની ચીજો જોવામાં મને આનંદ થાય." (માજી)

"ખરી વાત છે, એતો નવિન જમાનાનાં છોકરાંઓને એવા ભક્તિભાવનાં રહસ્યોમાં કંઇ આનંદ ન થાય, એતો હરવા ફરવામાં નાટક મુજરા જોવામાંજ આનંદ માને."

"તો ત્યાં પણ ફરવાને માટે સુંદર બગીચો હતો !!"

"હા પિતાજી! બગીચો તો હતો-સારો હતો, પણ હમેશાં તેની કોઇ દેખરેખ રાખતું નહિ હોવાથી કંઇ વખાણવાલાયક નજર બાગ જેવો નહોતો?"

"તારે મન ગમે તેવો છે, પણ આપણા શહેરમાં તો એકાન્ત- માં ખુલ્લી હવાનું સ્થાન તો એજ છે, કે જ્યાં સાંજના સમયમાં થોડો વખત બેસવાથી પણ અત્યંત આનંદ થાય છે."

"હા પિતાજી! મને પણ આજે આનંદ તો મળ્યો હતો, પણ એ ક્ષણીક આનંદ શા કામનો? જો એવો સુંદર બગીચો આપણા ઘર નજીક હોય તો હું આખો દિવસ તેની મઝા લુંટું."

"ભાઇ, તારા ધ્યાનમાં આવે તો તેમ કરીએ, આ સામેનો વાડો છે તે ખરીદી લઇએ, અને ત્યાં એક નાનો બગીચો બનાવીએ."

"પણ પિતાશ્રી, એ બગીચા જેવી મઝા કંઇ આ વાડામાં બનાવેલા બગીચામાં તો નજ આવે, પિતાજી, એની મઝા તો જુદીજ રહે છે."

થોડાક સમય આવી રીતે વાર્તાલાપ કરવામાં ગુમાવ્યો, શીવ-રાત્રી હોવાથી કોઇને વાળુ કરવાનું હતું નહિ, જેથી સર્વેએ દુધ પી લીધું. રાત્રીએ શીવરાત્રી નિમીત્તે ચંદ્રેશ્વરના દેવાલયે જાગ્રણાર્થે ભજન હોવાથી, રસીકના માતા પિતા ત્યાં જવાને તૈયાર થયાં. રસીકને પુછતાં તેણે તેનો વિચાર સુઇ રહેવાનો જણાવ્યો, જેથી નોકરે તેને પથારી પાથરી આપી, અને ઉભય એઉ ચંદ્રેશ્વર ગયાં. રસીક મેડા ઉપર પોતાની પથારીમાં જઇ સુતો. પિતાશ્રી સાથે થયેલી વાતચિતથી તેનું હૃદય વિચારોના વમળમાં તણાતું હતું, જેથી નિદ્રાદેવીએ તેને વિસામો આપ્યોજ નહોતો. માતાપિતા ચંદ્રેશ્વર ભજનમાં જાગ્રણ કરતાં હતાં, ત્યારે રસીક અત્યારે પથારીમાં પડયો પડયો જાગ્રણ કરતો હતો.

"પિતાશ્રીની ઉપરાંત થઇ, તેમનાથી વિરૂદ્ધ વર્તન કરી, જો કંઇપણ સુખની છાંયાને માટે પ્રયત્ન કરૂં તોજ આ સંસાર સાર-મય જણાશે, નહિતો તે સારમય હોવા છતાંપણ મને ઝેર સમાન જણાશે, "સંસાર ઝેરનો પ્યાલો" એ જનકથા પ્રેમી પુરૂષોને માટે નથી, તેતો વિષયી સંસાર નિભાવનારનેજ છે. પ્રેમી ભક્તોને માટે પ્રભુએ હળાહળ ઝેર પણ અમૃત બનાવી દીધું હતું. પ્રેમ એજ પ્રભુનું દ્વાર છે, પ્રેમથીજ પ્રભુ મળે છે. સ્ત્રી-પુરૂષનું જોડુ જો શુદ્ધ પ્રેમીજ હોય છે, તો સંસાર સારમય લાગે છે, શુદ્ધ પ્રેમ-થી અનેક સંકટો સહન થાય છે. ભૂખ-તરસ-ટાઢ-તડકો-આદી સહન કરી નિર્જન વનમાં એક લંગોટી ભેર સાત સાત દિવસનાં લાંઘા ખેંચી પ્રેમીજનો પડી રહે છે. તેઓ પ્રેમ શિવાય અન્ય કંઇજ ઇચ્છતા નથી, ફક્ત પ્રેમ, પ્રેમ અને પ્રેમ. એવાંજ પ્રેમીને સંસાર સારમય ભાસે છે, અને સંસાર સાગરની મુસાફરીમાં ફતેહ

મેળવે છે. વિદ્વાનો કહે છે તે અક્ષરઃ સત્યજ છે કેઃ—

" છે અજબ મહિમા પ્રેમનો જે પ્રેમીજન પીછાણશે,
પ્રેમી ખરેખર પ્રેમને એ પ્રાણપ્યારો જાણશે;"
" શીવ શેષ નારદ આદી સર્વે આધીન છે સૌ પ્રેમને,
પ્રેમ વિણ પ્રભુ ના મળે સૌ વ્યર્થ તજી દે વ્હેમને."

સંસાર ઝેરમય માનનાર, શુદ્ધ પ્રેમની સીમા બાંધી અલૌકીક પ્રેમને વિષયી પ્રેમનું રૂપ આપી સુખમાં દુઃખ ઉત્પન્ન કરી લે છે. પાછળથી પસ્તાય છે ત્યારે કદાચ શુદ્ધ પ્રેમનું ભાન થાય છે. તો ફરી પણ સુખની છાયા મેળવી શકે છે. મારો અને પ્રિયાનો શુદ્ધ પ્રેમ હોવા છતાં એક પિતાશ્રીની હઠને લીધે ભ્રષ્ટ થઇ પ્રેમને વિષયી પ્રેમનું રૂપ આપવું પડશે? નહિ નહિ !! એમને યોગ્યજ નથી. પ્રેમી પ્રેમીએ સદા પ્રેમનીજ ઝોળી ધારણ કરવીજ જોઇએ. પિતાશ્રીથી ઉપરાંત થઇ તેઓની આ મીથ્યાકુળની મમતાને દૂર કરી, શરમ ત્યજી, નિર્લજ બની—મારા સુખનું સાધન મારે હાથેજ ગોતી લઉં, બસ એજ વિચાર. પિતાજીની શરમ તે ક્યાંસુધી, પ્રાણ-નીકળતાં સુધી શરમ હોયજ નહિ. જ્ઞાતીના આગેવાન ગૃહસ્થોને મળી બીલ-કુલ પહેરામણીના અખાપોની માગણી કર્યો શીવાય હું તેને તેડું, જો પિતાજી ગુસ્સે થઇ મને ઘરમાંથી કાઢી મુકશે તો પણ મારા ગુજરાન જોગું હું પેદા કરી શકીશ, અને પ્રિયાના મેળાપનો અ-મુલ્ય લાભ લઇશ. હવે બીજું કંઇજ નહિ, બસ જ્ઞાતીપંચ ભેગું થાય ત્યારે હુંજ આ વાતનો ખુલાસો કરી સર્વથી છુટો થઉં."

આ પ્રમાણે રસીક સુતોસુતો બબડયા કરતો હતો, ઘરમાં કોઇ નહિ હોવાથી અંતરની વેદના દુર કરતો હતો. શું કરે? પ્રેમી-

નું હૃદય પાત્ર વિના ઉભરાઇ છલકાઇ જાય છે. કોણ ગ્રહણ કરે?"

*　*　*　*　*

વાચકવૃંદ માસ્તર સાહેબ નીરાશા ભર્યા ઘેર આવ્યા, હવે શું કરવું? એ રસીકની ફજેતી કેવી રીતે કરવી! એ સુંદરીનો મેળાપ કેમ કરવો! આદી અનેક તર્કવિતર્કો કરતા એક ટેબલ પાસે પડેલી ખુરશી ઉપર બેઠા બેઠા પેપર વાંચતા હતા, એવામાં જાહેરાતના પાના તરફ લક્ષ આપતાં "માછલીના પેટમાંથી નીકળેલો ભેદુ પત્ર" મોટા ટાઇપથી લખાયેલું હેડીંગ વાંચતાં, જુએ છે તો "સ્ટાર સીનેમાની જાહેરાત હોવાથી બીજાં પાનાં ઉથામવાં મચ્યા. "મુંબઇમાં મરકીથી મરેલા ઉંદરો" ગોવીંદજી વસનજીની ફરમાસુ મીઠાઇ. "ડી, વાડીલાલની કંપનીની અપટુ ડેટ ફેશન" હેડીંગો વાંચતાં એક કોલમમાં (Wanted) "જોઇએ છીએ" એક ઉંચ જ્ઞાતીની વિધવા સ્ત્રી ઉમર વર્ષ ૧૮ ની પુર્નલગ્નને માટે યોગ્ય સુધરેલ પતીની માગણી કરે છે. લખો-C-કોલમ-નં...... જાહેરાત વાંચતાંજ તેઓશ્રીનું તો ચીત ભ્રમીત થઇ ગયું. વીચાર કરવા લાગ્યા કે, કેટલાક ઠેકાણે પુરૂષો સ્ત્રીની વોન્ટેડ બતાવે છે પણ આ સુધારો કેવો હશે કે સ્ત્રી પુરૂષને માટે વોન્ટડ છપાવે, એતે કેવી સુધરેલ હશે? મનસ્વી આમ અનેક તરંગો કરતા દઢ નિશ્ચય કર્યો કે, એ ચહેરા ઉપર એક પત્ર લખી આપણે પણ ઇચ્છા જાહેર કરવી. નવીન સ્ત્રીની જાહેરખબર વાંચતાંજ પત્ર લખનાર સુગુણને તો વીસરીજ ગયા, અને તેના ઢંઢેરા રૂપ પ્રેમમાં ફસાયા. તે પેપરનું ખર્ચ ફક્ત જાહેરાતો માટેજ રાખતા હતા જે આજે ફળીભુત થયું. ભંગોર સાહેબ જ્ઞાતિનો, આબરૂનો, વિદ્યાનો તેમજ પોતાના ઓદ્ધાનો કંઇ પણ વીચાર કર્યા શીવાય

પત્ર લખવો શરૂ કરી દીધો, અનેક સુભોપમાઓ સાથ વિશેષણો લગાવી પત્ર લખ્યો. પત્ર એક સુંદર કવરમાં બંધ કરી એડ્રેસ કરતા હતા એવામાં મીત્ર કુંદનરાય કે જેઓ મ્યુનીસીપાલ સેક્રેટરીની પદ્દીને બીરાજતા હતા, તેઓ અચાનક આવી ચડયા. જેથી માસ્તર સાહેબે કવર બંધ કરી ઉતાવળે ઉતાવળે તેને છુપાવાનો પ્રયત્ન કરતા, પકડાયા—

"કેમ શું થાય છે ? પત્ર કયાં લખાય છે ? કેમ કાંઇ છે કે શું ?"

બે ત્રણ પ્રશ્નો સાથે ઉપરાછાપરી પુછતાંની સાથેજ માસ્તર સાહેબ તો ગભરાઇ ગયા અને જવાબ પણ આપી શકયા નહિ. કુંદનરાય તો ટેબલ નજીક આવી આમતેમ કાગળીયાં ઉથામવા મચી પડયા—જોતાં જોતાં પેપરમાં "જોઇએ છે" એવા હેડીંગના કોલમ ઉપર લાલશાહીથી માર્ક કરેલું જોયું. જેથી કોલમમાં વાંચી જોતાં ખબર પડી કે નક્કી માસ્તર સાહેબે કંઇ આ વોન્ટેડની જાહેરાતનો ઉપયોગ કર્યો હોય એમ લાગે છે. માસ્તર સાહેબ ચીડાઇને બોલ્યા.

"જવાદ્યોને માસ્તર એમાં શું વાંચોછો, આ લડાઇના તાજા સમાચાર તો વાંચો તેમાં ઘણું જાણવા જેવું છે."

"અરે મહેરબાન તેતો સૌ વંચાશે પણ આ શું તમે કંઇ લાલમલાલ કરવા ધાર્યું છે કે શું ?"

"અરે શું માસ્તર કુંદનરાય તમો પણ બેવકુફ છોને, એમાં આપણે શું લાલમલાલ કરવાનું હતું. શું તેની સાથે મારે પુનઃલગ્ન કરવુંછે ? જાઓ મહેરબાન" "તો પછી એ કાગળ લખ્યો

તે શા માટે છુપાવો છો, માસ્તર સાહેબ ચોરી પકડાઇ ગઇ છે હવે છુપાવશો તે નહી ચાલે," કુંદનરાયે વાત બનાવવા માંડી જેથી માસ્તર સાહેબ તો ગભરાયા—અને સર્વ સાચી વાત મીત્રને મ્હોડે કહેવા મચ્યા, માસ્તર સાહેબ અત્યારે ઘણાજ હર્ષપૂર્વક આ કાર્યમાં ગુંથાયલા હતા, જેથી તેઓને એકદમ નાશીપાસ ન કરતાં કુંદન- રાયે તેમના એ મતને ટેકો આપી વાત ખસેડી દીધી અને આ કામમાં મીત્રધર્મ બજાવી તેઓને અવળે માર્ગે જતા અટકાવી આબરૂના સ્થાનમાં ભેળવવા વીચાર કર્યો. અને તેને માટે પોતાથી બનતો પ્રયત્ન કરવાને માટે મન સાથે પ્રતીજ્ઞા લીધી.

શીવરાત્રી નીમીતે દરેક દેવાલયોમાં આજે ભજનકીર્તન હો- વાથી રાત્રીએ બહાર ફરવા જવાને માટે કુંદનરાયે ફરમાવ્યું. મા- સ્તર સાહેબ તો ભટકવાને તૈયાર હતા, જેથી કોટપાટલુન ચડાવી ફુલડ્રેસમાં રાત્રીએ બહાર જવા નીસર્યા. પ્રથમ ક્યાં જવું તેને માટે વીચાર કરતાં ભંગોર સાહેબે જણાવ્યું કે બ્યુટી ડીપો તરફ થઇને ચંદ્રેશ્વરના દેવાલયે જઇએ, કારણ મારે એક કાગળ પોષ્ટ કરવો છે જેથી બ્યુટી ડીપોની લેટર બોક્સમાં કવર નાખી ફરતા ફરતા દેવાલયે જઇશું. આ પ્રોગ્રામ કુંદનરાયે પણ કબુલ રાખ્યો, અને પ્રથમ બ્યુટી ડીપો તરફ ચાલતા થયાં.

* * * *

ફરતા ફરતા ચંદ્રેશ્વરના મંદીરે આવી પહોંચ્યા, શીવરાત્રીના જાગ્રણાર્થે ભજનકીર્તન ચાલી રહ્યાં હતાં, અનેક પ્રેમીજનો ભેગા મળી ભજનની ધુન મચાવી રહ્યાં હતાં, ત્યાં કુંદનરાય તથા માસ્ત- રસાહેબ આવી પહોંચ્યા, કુંદનરાયે તો ભજનમાં ભાગ લીધો પણ

માસ્તરસાહેબ અપટુ ડેટ ફેશનમાં હોવાથી, તેમજ આ કત્રીમ ભાવનાઓથી વિરૂદ્ધ વિચારના હોવાથી એક ખુણે પડેલી પેટી ઉપર જઇ બેઠા એક પછી એક એમ અનેક ભજનો ચાલતાં હતાં, મહારાજશ્રી પગે નેપુર (ઘુઘરા) બાંધી સર્વની વચમાં નૃત્ય કરી રહ્યા હતા. પ્રેમીજનો મ્હોડું પહોળું કરી તેઓશ્રીના સન્મુખ જોઇ રહેતા હતા. અજબ લીલા ભક્તોને ભોળવવાને મહારાજશ્રી કરતા હતા—પણ તેઓની અંતરભેદના કોઇ જાણે તેમ નહોતું. આવા અનેક ભાવોથી સર્વને તે પ્રભુ સમાન પ્રીય થઇ પડયા હતા—થોડોક સમય જતાં માસ્તરસાહેબને તો બગાસાં આવવા લાગ્યાં. નીંદ્રાદેવીએ પ્રવેશ કરવા માંડયો જેથી તેઓ તો કંટાળી કુંદનરાયને કહ્યા વીના ઘર તરફ જવાનો રસ્તો લીધો, અનેક ભજનો ચાલતાં હતાં ઘડીયાળમાં બારના ટકોરા થયા એટલે મહારાજશ્રીએ ભજન બંધ કર્યું અને પ્રેમીજનોને મંડળી વીસરજન થવાને સુચવ્યું. સર્વ પ્રેમીજનો મહારાજશ્રીને પ્રણામ કરી પોતપોતાને ઘેર ચાલતાં થયાં, કુંદનરાય બહાર આવી જુએ છે તો માસ્તર સાહેબનો કંઇ પત્તો લાગતો નથી જેથી તેઓ પણ ઘર તરફ ચાલતા થયા. માસ્તરસાહેબ કહ્યા શીવાય ઘેર ચાલ્યા ગયા જેથી તેઓને પોતાના પ્રત્યે કંઈ લાગણી ઉશ્કેરાઇ હોય એમ સમજાયું. નીર્લજ કલંકીત કાર્યની તૈયારીઓ કરતા નહિ અટકાવ્યા પણ તેઓને પોપણ મળ્યું એ એક મીત્રધર્મના કાયદાનું ઉલંઘન કર્યા બરાબર છે જેથી કુંદનરાય ઘણોજ પસ્તાવો કરવા લાગ્યા. હવે શું કરવું, અને તેને આ કૃત્ય કરતાં કેવી રીતે અટકાવવા તેને માટે ગાઢ વીચારમાં ગુંથાયા.

"માસ્તરસાહેબ કુળવાન નહી હોવાથી તેમજ પૈસાથી પૂર

નહી હોવાથી એક દુખમાં દુખ સંસારનો સાથી મેળવી શક્યા નથી જેથી આવાં અપવાદરૂપ કલંકીત કાર્ય કરવાને તૈયાર થાય છે, વિદ્વતામાં આગ મુકે છે, જ્ઞાતીના સજ્જન આગેવાનોને સમજાવી એક વિદ્વાન કન્યાની પ્રાપ્તી માટે જ્ઞાતીને લાંચ્છન આપવા રૂપ કાર્ય કરવાને તત્પર થાય છે, તે અટકાવવો અને તેની ઉમેદ બર લાવવા બનતો પ્રયત્ન કરવો એજ મારૂં (મીત્ર) કર્તવ્ય છે, એજ મારી મિત્રધર્મની ફરજ છે. જ્ઞાતીનો એક સજ્જન કુકર્મ કરી અપવાદ ગ્રહણ કરે છે તો તેનું લાંચ્છન આખી જ્ઞાતીનેજ છે, અને એ લાંચ્છન નહી માનનાર સજ્જન જ્ઞાતીનું સુભ હિતચીંતક નથી પણ તેઓ સ્વાર્થી મીથ્યાભીમાની અહીત કરનારજ છે. ગુરૂબંધ, જ્ઞાતીબંધ, દેશબંધ અને ભાઇબંધ તમામ પોતાની જનેતાના પુત્ર સમ માનનાર સજ્જનનીજ સજ્જનતા છે. જ્ઞાતીનો નવો કાયદો નીપજી કન્યા આપનારને ત્યાં આપવા બંધાનારને કન્યા આપવી, એવો છે તો તે પ્રમાણે કોઇ માસ્તરસાહેબને કન્યા આપનાર ગૃહસ્થ શોધી તેને સમજાવી કરાર કરાવી લગ્ન કરી કુકર્મ કરતા અટકાવી તેઓનો સંસાર સુધારી અપાય તોજ મીત્રધર્મ બરાબર બજાવ્યો ગણાય.

સ્વારથમાં લવલેશ વૃતી સુભાહિત થકી રાખજે પ્રીતી;
એકજ સંગી સંપત વખતે સહાય કરે જે સંકટ વખતે.

* * * *

શીખ આપીને કટુ કહાવે (એ) જગમાં સાચો મીત્ર જણાયે.

આ પ્રમાણે વીચાર કરતાં કરતાં કુંદનરાય ઘર તરફ આવ્યા બીછાનામાં સુતા પણ નીદ્રા ન આવી તે નજ આવી. માસ્તરસાહેબ પ્રતી અનેક વિચારો ઉત્પન્ન થતા જણાયા. માસ્તરસાહેબે

લખેલા પત્રનો જવાબ આવે તેની છુપી બાતમી મેળવવાની ખાતર પોસ્ટમેનને લાંચ આપી ફોડવો અને દરરોજ તેઓની પોસ્ટ તપાસવી, ગુડફ્રાયડેની રજામાં ભંગોર [1]ભાર વર્ધક સોસાઇટીની કોનફરન્સ થતા પહેલાં કોઇ જ્ઞાતિની કન્યા માટે તૈયારી કરી કરાર લખી નકી કરી દેવું જેથી તેઓ પુર્નઃલગ્ન કરી શકે નહિ—આખર એ વીચારે આવી પડયા—પ્રાતઃકાળ થવા આવ્યો. ઘડીઆળમાં ચારના ટકોરા થયા પણ ઉંઘ ન આવી તેથી કુંદનરાય તો ઉઠી શૌચ આદી ક્રીયાથી પરવારી સ્નાન કરવા બેઠા.

*   *   *   *

ચૈત્ર માસની પૂર્ણીમાના દિવસે ચંદ્રેશ્વરના મંદીરે દર્શનાર્થે રસીક પોતાના મિત્ર રોમેશ્ચંદ્રની સાથે દર્શનાર્થે આવેલો હતો, રોમેશ્ચંદ્ર ફોટોગ્રાફીક કામ શીખતો હતો જેથી આજે શૃંગારેલા દેવાલયનો ફોટો લેવાના વિચારથી, સાથે એક નાનો હેન્ડ કેમેરા પણ લેતો આવ્યો હતો. દર્શન કરી બન્ને મીત્રો એકબીજાનો હાથ પકડી દેવાલયના પાછળ વાડીમાં આમ તેમ ફરતા હતા, કઇ દીશાએથી વ્યુહ (દેખાવ) સારો આવશે, અને જોઇતું લાઇટ મળશે તે જોતા હતા—એવામાં દુર વાડીમાં ફરતાં, કુંવારીકાઓના ટોળામાં અગ્રગણ્ય ભાગ ધરાવતી સુભાગીની સુગુણ દષ્ટીએ પડી, જેથી રસીક રોમેશ્ચંદ્ર સાથ તે બાજુ આવ્યો. સખીયોએ બનાવેલા ફુલના હારને આરોપવાને માટે તેઓ વચ્ચે સંવાદ ચાલતો હતો એવામાં રસીક ત્યાં આવી ચડયો, રસીકને જોતાંજ સર્વ સખીયો વીખેરઇ ગઇ, સુગુણ લજ્જાયુક્ત ચહેરે આડું જોઇ ઉભી રહી, રંગમાં ભંગ થયો, એથી સર્વ સખીયો નારાજ થઇ, એકબીજાના

---

[1] વકર

કાનમાં ગુપચુપ વાતો કરવા મચી પડી, અત્યારે રસીકને કહેવાની કોઇની હીંમત ચાલી નહિ. કારણ તે હકદાર હતો, રસીક નજીક આવી સુગુણની બ્હેન નાનીને મશ્કરીમાં કહેવા લાગ્યો.

"કેમ !! નાની શું થાય છે ?"

"કંઇ નહી, જાઓને, તમો અહીં શું કરવા આવ્યા, હમારી રમતમાં ભંગ પડ્યો ! જતા રહો, (કાલાકાલા શબ્દોથી બોલી.)

"એમ મારા આવવાથી તમારી રમતમાં ભંગ પડ્યો છેકે ?"

" હા-હા-જાઓને ! જુઓ મારી બ્હેન શરમાય છે, જતા રહો. "

"તારી બેન મારાથી શરમાય છે ? જો તેમજ હોય તો હું તેમને મનાવું."

રસીક સુગુણની નજીક જતો હતો એવામાં સર્વ સખીયો વચમાં પડી બોલી ઉઠી.

"છોકરીઓની રમતમાં છોકરાઓ આવે તો પાપ લાગે, જતા રહો !"

"અરે પણ તમારી તકરારનું સમાધાન કરવા અને તમો સર્વને વધુ આનંદ આપવા આવતાં તે કંઇ પાપ લાગે ખરૂં કે !! કહો શી તકરાર ચાલતી હતી ?

"તે તમોને કહેવાય તેવી નથી." એવામાં નન્દુ નામની એક મોટી સખી રસીકને સર્વ વાત કહેવા લાગી.

"આ મેં એક ફુલનો હાર બનાવ્યો છે તો તે ગ્રહણ કરવાને હમારાં સર્વમાંથી કોણ લાયક અધીકારી છે, તે જણાવશો.

"એજ જો તકરાર હોય તો તમે સર્વેએ નકી કરેલ સ-

ખીનેજ આરોપવો યોગ્ય છે, કારણ બકુલન અધિકારી બકુલ પ્રેમીઓજ છે.

"હા-હા-એ વાત ખરી છે, (સર્વ સખીયો બોલી ઉઠી) સુગુણબ્હેન હવે ચાલો સીધાં ઉભાં રહો અને આ બકુલમાળા આરોપો."

એમ કહી સર્વ સખીયો મળી સુગુણની કોટમાં માળ આરોપી એટલે રસીકે રામેશ્ચંદ્રને આજ વખતની એક પ્લેટ ઉતારવાને આજ્ઞા આપી કે તુરતજ તેણે કેમેરા સામો ધરી ફોટો પાડી લીધો, નવયૌવન તારૂણી અત્યારે મૃદુહાસ્ય કરતી રસીકના તરફ પ્રેમભર દષ્ટીથી જોઇ રહી હતી. શું કરે પતીનો હુકમ અટ્ટહાસ્ય, લજ્જાયુક્ત ચહેરાને અત્યંત સોભાવતું હતું સુગુણ કંઠમાં પ્રેમની માળા આરોપી પુષ્પ થાળ હાથમાં ઝાલી પતીના મુખારવીંદનું ધ્યાન કરતી ઉભી હતી. એવામાં અચાનક હાથમાં દંડો લઇ મહારાજશ્રી વાડીમાં ફરતા ફરતા એ તરફ આવી ચડયા જેથી રસીક એક પત્ર સુગુણના તરફ ફેંકી ચાલતો થયો, તુરતજ પત્ર સુગુણે લઇ લીધો અને ચોળીમાં છુપાવ્યો. અચાનક મહારાજશ્રી આવવાથી સખીમંડળમાં પણ નાશભાગ થઇ રહી. રંગમાં ભંગ થયો.

અપૂર્ણ.

" માતા કે બ્હેન. "

(અનુસંધાન દ્વિતીય બકુલપુષ્પ પૃષ્ટ ૨૯ થી).

"નહિ બા ! તમારા વિષે કંઇ પણ ખોટો વિચાર મારા હૃદયમાં ઉદ્‍ભવ્યો નથી અને કદી પણ ઉદ્‍ભવશે નહિ." વિજયા

પોતાનું શિર વિમળાના ખભા ઉપર રાખી અનિમિષ લોચને પોતાની નવી માતાના મુખારવિન્દ સામું જોતાં બોલી.

"ત્યારે વિજયા ! તું કેમ રડે છે ?" વિમળાએ તેના રૂદનનું પ્રયોજન પુછયું.

"વિમળા બા ! વિમળા બા ! મને પ્રયોજન ન પુછો. તમે મારી માતા છો. મારી ગત માતાની ખોટ તમે પૂરી પાડી છે." ડુસકાં ખાતી ખાતી વિજયા વિમળાને કંઠે વળગી પડી. વિમળા પણ રડવા લાગી. તેનું કોમળ હૃદય વિજયાના દુ:ખમાં ભાગ લેવા લાગ્યું. હવે તે વિજયાના દુ:ખનું કારણ સમજી ગઇ. વિજયાને તેણે પોતાના હસ્તમાં લીધી. તેનાં અશ્રુ પોતાના પાલવથી લુછી નાંખ્યાં. પરંતુ વિજયા હજી ડુસકાં ખાતી હતી. વિમળાના નયનમાંથી પણ મુક્તાફળ સમાન અશ્રુબિંદુ઼ઓ સરી પડતાં હતાં. વિજયાના લલાટ અને કપોલપર હસ્ત ફેરવી વિજયા તેને શાન્ત પાડવા લાગી. પોતે સ્વસ્થ બની વિજયાને પણ સ્વસ્થ બનવા સમજાવવા લાગી.

"વિજયા ! ત્યારે હું તારી માતા નહિ!" વિમળા વિજયાને શાન્ત પાડતાં પુછવા લાગી. વિજયા નિરૂત્તર રહી. "હું તને કોઇ દિવસ તારી ગતમાતાની ખોટ લાગવા દઉં છું ?" પુન: વિજયાને પ્રશ્ન કર્યો.

પ્રશ્નનું પુનરાવર્તન થયું પરંતુ વિજયા ઉત્તર આપી શકી નહિ. શું બોલવું તે તેનાથી સમજાતું ન હતું. પરિણામે તે મૌનજ રહી. વિમળાના હૃદયમાં આથી પ્રત્યાઘાત થયો. "મારાથી કાંઇ વિજયાને ખોટું લાગે એવું કહેવાઇ ગયું હશે તેથીજ તેના હૃદયમાં આમ શોકનો સમાવેશ થયો હશે. શું ત્યારે હું વિજયા તરફ઼ ઓ-

રમાન માતાસમ વર્તી ? અરેરે ! જનસમાજ શું કહેશે ? પ્રભુ ! પ્રભુ ! મારાથી એવો દોષ થયો હોય તો તું ક્ષમા કરજે. હવેથી એવા દોષનું પુનરાવર્તન ન થાય તે માટે હું પ્રયત્ન કરીશ. ઓ પ્રભુ ! તું મને એમાં સાહ્ય કરજે.” આવા આવા કેટલાક તરંગોમાં તેનું હૃદય ઝોલાં ખાવા લાગ્યું. જનસમાજની ભીતિ તેના હૃદયનું મંથન કરવા લાગી. પ્રભુ પાસે વારંવાર પોતાના દોષની ક્ષમા નિખાલસ હૃદયે યાચવા લાગી. વિજયાની નિરૂત્તરાવસ્થા નિહાળી તેના ચક્ષુમાં અશ્રુ ઉભરાવા લાગ્યાં. વિજયા શાન્ત પરંતુ મૌન હતી. વિમળાને રડતી જોઇ તેનું હૃદય પણ ભરાઇ આવ્યું.

“ન રડો, વિમળાબા ! તમે ન રડો. શું આમ રડી તમે મને અધિક દુઃખી કરવા ઇચ્છો છો ?” વિજયાયે ગદ્ગદ્ કંઠે વિમળાને કંઠે વળગી પડતાં કહ્યું.

“ના, વિજયા ! હું તને કોઇ દિવસ દુઃખી કરવા ઇચ્છતી નથી. મારી વ્હાલી વિજયા ! તું મારી જ પુત્રી છે. હું તને દુઃખી કરવા કેમ ઇચ્છું ?” વિમળા પોતાના અશ્રુ લુછતાં બોલી.

“ત્યારે તમે કેમ રડો છો ?”

“તને દુઃખી જોઇ મારૂં હૃદય પણ દુઃખી બને છે. તારા નયનમાં અશ્રુ જોઇ મને પણ રડવું આવી જાય છે.” ગદ્ગદીત કંઠે વિમળાએ પ્રત્યુત્તર આપ્યો.

“વિમળાબા ! વિમળાબા ! તમે ન રડો. હુંજ તમારા દુઃખની કારણ થઇ પડી છું. મારા દુઃખનું કારણ તમે નહિ પરંતુ મારી મૃત માતાની સ્મૃતિ છે.” વિજયાએ પોતાના દીલની વ્યથાનું પ્રયોજન જણાવ્યું.

"વિજ્યા ! કહે, હું તને કોઇ દિવસ તારી મૃત માતાની ખોટ લાગવા દઉં છું ? મેં તમને કદીએ ઓરમાયાં ગણ્યાં છે ?" શાન્ત થઇ વિમળા બોલી.

"ના, માતા ! ના. તમે અમને પોતાના જ બાલકો ગણો છો. તમે મને પોતાની પુત્રી સમ પાલો છો. હું તમને મારી મૃત માતા કરતાં અધિક પ્રેમથી ચાહું છું. તમે મારી મૃત માતા ભુલાવો છો." વિમળાને કંઠે ભેટી પડી વિજયા બોલી.

વિમળાના બળતા હૃદયમાં શીતલ સુધા રેડાયું. વિજયાના શબ્દો શ્રવણ કરી વિમળાના હૃદયમાં શાન્તિ વળી. શંકિત હૃદયની શંકાઓ દૂર થઇ. વિજયાને તેણે પોતાના હૃદય સાથે ચાંપી માતૃ-સ્નેહથી તેના લલાટ અને કપોલપર ચુંબન કરવા લાગી. વિજયાના મુખ ઉપર સ્મિત હાસ્ય છવાયું. આનંદની અલૌકિક રેશાઓ તેની મુખાકૃતિ ઉપર પ્રગટવા લાગી. વિજયાને સુખી જોઇ વિમળાનું હૃદય પણ સુખોદધિમાં ન્હાવા લાગ્યું. ઉભયનાં અંતર હર્ષોર્મિઓથી છલકાવા લાગ્યાં, આનંદપ્રદ લહરીઓમાં લીન થવા લાગ્યાં. અલ્પ સમયપર અશ્રુ અને શોકથી ખિન્ન બનેલી મુખાકૃતિઓ સ્મિતહાસ્યના અનહદ તેજથી રમ્ય દિસવા લાગી. ઘડિયાળમાં અગિયારના ટંકારા થયા. જીવી રસોડું સાફ કરી ક્યારની ચાલી ગઇ હતી. સુવાનો સમય ક્યારનો થઇ ગયો હતો.

"ચાલ વિજ્યા ! સમય ઘણો થઇ ગયો. હવે તો સુઇ જઇએ." વિમળા વિજયાનો હસ્ત પકડી બોલી.

"હા, ચાલો." વિજયાએ નવી માતાને વળગી પડતાં કહ્યું.

બંને એક બીજાના કંઠમાં હસ્ત પરોવી સુવા માટે મેડી પર ચાલ્યાં. વિમળા અને વિજ્યા અત્યારે રાત્રિને સમયે વિધવિધ

સ્થાનોમાં વિહાર કરવા નિકળેલી રંભા અને ઉર્વશી સમાન દિસતાં હતાં.

વિમળા અને વિજયા એકજ પર્યંકપર પોઢયાં વિમળાના હૃદયમાં અતિશય આનંદ રેલાતો હતો. **પોતાનાં ઓરમાન બાલકોને તેમની જનેતા સમ નિવડવું એજ એનું લક્ષ્ય-બિંદુ હતું.** પોતાનો એ મંત્ર એણે પૂર્ણ કર્યો હતો. પોતાના મંત્ર અનુસાર પોતાનું વર્તન જોઇ કઇ વ્યક્તિ હર્ષ ન પામે? પોતાના જીવનનો ઉદ્દેશ પાર પડતાં કયા મનુજ હૃદય પ્રફૂલ્લિત ન થાય? વિમળા પોતાના ઉદ્દેશાનુસાર બની ચૂકી હતી અને તેથી તે હર્ષિત બને તેમાં કાંઈ આશ્ચર્યજનક છે જ નહિ. વિજયાના હૃદયમાં પણ પોતાની નવી માતા તરફ કંઇ નૂતન અનન્ય પ્રેમ ઉત્પન્ન થયો હતો. તે તેને પોતાની ગત માતા કરતાં પણ અધિક પ્રિય લાગવા માંડી. "**આતો માતા કે બેન**" એવા ઝીણા રસિક સ્વર તેના હૃદય સાગરની હર્ષોર્મિઓમાંથી ઉત્પન્ન થઇ તેના કર્ણ સાથે અથડાવા લાગ્યા. અલ્પ સમય અન્ય સુભાષિત ગોષ્ટિ કરી માતા પુત્રી ગાઢ નિદ્રાને સ્વાધીન થઇ ગયાં.

હિંદ પુત્રીઓ જો આવી માતાઓ બને તોજ હિંદનો ઉત્કર્ષ થાય. આવી માતાઓ દરેક ગૃહરાજ્યમાં સંપ બીજ વાવે અને તેનાં અમૂલ્ય ફલ હિંદજનો ચાખે એવી અમારી અંતિમ આશા છે. દરેક ગૃહરાણી આટલું યાદ રાખે કે 'ગૃહમાં સંપ તો દેશમાં સંપ, અને સંપ ત્યાં ઉત્કર્ષ' તો કેટલું સારૂં?

લે.—કોકીલ.

પરમાર્થરામ.

(એક ટુંકી બોધક વાર્તા.

હુન્નર, ઉદ્યોગ, કળાકૌશલ્ય, તેમજ મોજશોખથી ભરપુર આબાદપૂર શહેરથી લગભગ ચારેક ગાઉપર એક નાનુંસરખું ગામડું સો, દોઢસો ઝુપડાં બાંધી વસેલું હતું, જેની અંદર મજુરવર્ગના ગરીબ લોકો વસતા હતા, શહેરથી નજીક આ ગામ આવેલું હતું જેથી ગામડાના લોકો, શહેરમાં મજુરી કરી પોતાનો નિર્વાહ ચલાવતા હતા, ધનાઢયો પોતાના ધનના અહંકારમાં ગરીબોને રોજગાર બદલ જે કાંઇ આપતા તે લઈ બીચારા સંતોષ માની હમેશાં પોતાનો ઉદ્યમ ચાલુ રાખતા. આ ગામમાં ફકત એકજ બ્રાહ્મણનું ઝુપડું હતું. અને તેનું આ મજુરવર્ગના ગરીબ લોકોથીજ ભરણપોષણ થતું હતું સર્વ ગામડાના લોકો તેને મહારાજ તરીકે માની, પોતાના ઉદરનીર્વાહ માટે મેળવેલા ધનમાંથી પણ મહારાજનું પુરૂં કરતા હતા, મહારાજને ફકત એક પુત્ર હતો, પુત્રની ઉમર આશરે પાંચેક વર્ષની હતી. તેનું નામ પરમાર્થરામ પાડવામાં આવ્યું હતું, હમેશાં ભીલ, કોળી આદી ગરીબ મજુરીઆ લોકોના સંગમાં રહેવાનું હોવા છતાં તેની અકલહુશીઆરી ઘણીજ ચાતુર્ય ભરેલી હતી, નાનાં છોકરાંઓ ભેગો તે રમતો હતો ત્યારે રમતમાં પણ તે સર્વને નીમકહલાલીથી માલીકની નોકરી કરી તેનું શુભ ઇચ્છી તેને તાબે રહી તેનો નોકરી બદલ મહેનતના પ્રમાણમાંજ પગાર લેવો, આદી અનેક ઉપદેશો મજુરોના છોકરાંઓને તે આપતો, તેમજ પોતે રમત રમતો પણ એવાજ ભાવથી કે જેમાં અત્યંત બોધક રહસ્યો સમાયલાં હોય. પુત્રને જોઇ સર્વ ગામના લોકો મહારાજને કહેતા કે આ કોઇ

મહાન બુદ્ધિશાળી પુરૂષ થશે અને તમારૂં દારીદ્ર ટાળશે માટે તમો કોઇ સારી નીશાળમાં તેને મુકો. જેથી ગામડામાં નીશાળ નહિ હોવાથી તેના પીતાએ પરમાર્થરામની અકલહુશીઆરી જોઇ તેને આબાદપુરમાં એક સારી નીશાળમાં વિદ્યાઅભ્યાસને માટે મુકયો, ભણાવવાને કંઇપણ સાધન નહિ હોવાથી તેનો પીતા કેટલીક વખત શહેરના ગૃહસ્થો પાસે પુત્રને વિદ્યાઅભ્યાસની મદદ સારૂ નાંણાની ભીક્ષા માંગતો, અને તેનું પુરૂં કરતો. દીવસે દીવસે પુત્ર લાયક ઉમર થતો ગયો, તેમ તેમ તેની ચાલાકી ભર્યાં દશ્યો જોઇ પીતાને અત્યંત આનંદ થવા લાગ્યો.

એક સમયે પિતાની તીવ્ર ઇચ્છાને લીધે પુત્રને પોતાની સાથે લઇને શહેરમાં એક દયાળુ ગૃહસ્થને ત્યાં ગયો, આ ગૃહસ્થે પરમાર્થરામની સર્વ વાત સાંભળી, તેનું બુદ્ધિબળ જોતાંજ તેને દયા આવી, અંતરના ઉદ્ગારો બહાર નીકળી આવ્યા, આંખમાંથી અશ્રુબુંદ છુટયાં, જેમ પોતાના પેટનાજ પુત્રને જોઇ આ ગૃહસ્થને પ્રેમ ઉત્પન્ન થયો હોય તેમ તેને માથે હાથ મુકી કહ્યું. "ભાઇ ઇશ્વર તારૂં ભલું કરશે" પરમાર્થરામ કંઇ પણ બોલ્યા શિવાય દયામણે ચહેરે પોતાના પુજ્ય પરમાર્થી ગૃહસ્થને શાષ્ટાંગ દંડવત્ કરી અશ્રુ પૂર્ણ નયનોએ તેના સામું ટગરટગર જોઇ રહ્યો, થોડાક સમય બાદ ગૃહસ્થે પરમાર્થરામના હાથમાં એક ગીની સોનામહોર મુકી કપાળે કુમકુમનો ચાંલ્લો કરી તેને વીદાય કર્યો

* * * *

આ વાતને ઘણાં વર્ષો વિત્યા બાદ જ્યારે પરમાર્થરામના પિતા ગુજરી ગયા અને તેને આ નાનુંસરખું ગામડુ છોડી બહાર નીકળવાની ફરજ પડી ત્યારે તે પેલા દયાળુ ગૃહસ્થને આવી મળ્યો અને પોતાની નોકરી કરવાની ઇચ્છા જણાવી, જેથી તેણે તેને

શરૂઆતમાં એક વ્યાપારીને ત્યાં મુકયો, અને વ્યાપાર સંબંધી તેને શીક્ષણ મેળવવાને ફરજ પાડી. પરમાર્થરામ નિત્ય સવારમાં પોતાના ખટકર્મથી પરવારી વ્યપારી શેઠના દુકાનના વખત કરતાં પણ વહેલો તેને ઘેર જઇ દુકાનનું તેમજ ઘરનું કામ ઘણા ઉત્સાહ પૂર્વક કરતો. દીનપ્રતીદીન તેની વ્યપારમાં બુદ્ધિ ખીલવા લાગી અને શેઠને પ્રસન્ન કરી તેની પ્રીતિ મેળવવા લાગ્યો, એવામાં તેના પાળકપિતા (દયાળુ ગૃહસ્થ) દેવલોક પામ્યા એથી પરમાર્થરામને હવે આ દુનીયામાં પોતાનું શુભ હિતચીંતક કોઇજ ન રહ્યું, દુખનો અવધી આવ્યો, માતાપિતા તો મરીજ ગયાં હતાં તે મોજેની શરમથી ગુજરાન કરી આનંદ માનતો હતો, તે પણ ચાલ્યા ગયા જેથી ગરીબીમાં ગરીબી, ગરીબની ધનાઢયોને શી દરકાર !! પૈસાના મદમાં કોઇ પણ ધનવાન ગરીબથીજ પોતે ઉચ્ચ સ્થિતિએ આવેલ છે એવું સમજતાજ નથી. પણ ગરીબ વિના તો તે ગરીબજ છે અને ગરીબથીજ તે ધનવાન છે, જો ગરીબ વર્ગ ધનવાનની દરકાર ન રાખે તો ધનવાન પણ ગરીબનીજ સ્થિતિએ આખરે આવશે. માટે અમીરી અને ગરીબી સર્વ અન્યોઅન્ય ગુંથાયલીજ છે, લક્ષ્મી મલીન છે, સંસાર " चक्रनेमिक्रमेण " ચાલ્યો જાય છે તેમજ જગતનો પણ અર્થ એવોજ છે. "जग" એટલે આગળ ચાલવું, બદલાવું, પરંતુ મનુષ્યમાત્ર સમજે છે કે પોતાની સુખી જીંદગી કાયમજ રહેશે પણ સર્વમાં સુખ દુખ સાથેજ છે.

દરેક અચળ સ્થિતી પ્રાપ્ત કરવા મથે છે, ધનવાનો પ્રભુને છેતરી મ્હોટાઇ માગે છે પણ પ્રભુને છેતરી મ્હોટાઇ માગતાં પોતેજ છેતરાઇ જાય છે અને મોટાઇને બદલે અધમતાને પ્રાપ્ત થાય છે.

પ્રભુતા કો સબકો ચહે, પ્રભુકો ચહે ન કોઇ;
તુલસી જો પ્રભુકો ચહે, આજહી પ્રભુતા હોય.

માટે જે પ્રભુને ચહાય છે તેજ મોટાઇ (પ્રભુતા) મેળવી શકે છે, આ પરમાર્થરામ હવે એકજ માત્ર પ્રભુનો આશ્રય રાખી જે કાંઇ ધંધારોજગારમાં મળે તેથી સંતોષ માની સત્યરૂપે નોકરી કરવા લાગ્યા. પોતાના ઉપર શેઠની પ્રસન્નતા જોઇ બીજા ગુમાસ્તા નોકરો તેના ઉપર દ્વેષ રાખી તેને અત્યંત પજવતા, અને કામના ગુંચવણ ભર્યો બોજામાં નાંખતા, છતાં એક શબ્દ પણ કોઇની સામે બોલ્યા શિવાય પરમાત્માને વિશ્વાસે તે અઢળક કામ કરતો, અને દિનપ્રતીદિન તે શેઠની પ્રસન્નતામાં વધારો કરતો. છતાં ખુશામતીયાનોજ વિજય છે, વખત બદલાયો દુકાનમાંથી એક પાઇનો પણ ખોટો વ્યય થતો તો પરમાર્થરામનો જીવ બળી જતો અને શેઠના હિતચીંતક બની સર્વને ઠપકો આપતો પણ કોણ સાંભળે સર્વ તો લુચ્ચાઇનાંજ પુતળાં હતાં, ભાગ્યદશા ફરી, દુખમાં દુઃખ વધ્યું. શેઠને મુન્યમે અનેક પ્રકારે ખોટો ભંભેરી તેના ઉપર અનેક અપવાદ ભર્યા આરોપો મુકી શેઠના મનથી ઉતારી નાંખ્યો અને આખરે ટુંક વખતમાં એકદમ રજા પણ આપી દેવરાવી. શેઠને પરમાર્થરામે ઘણોજ સમજાવ્યો છતાં પણ શેઠની ભાગ્ય-દશાએ તેને કંઇ પણ સુઝયું નહિ. આખરે નોકરી છોડી ચાલતો થયો, " बलीयसिकेवलमीश्वरेच्छा " ઇશ્વર ઇચ્છા બળવાન છે. તકદીર આપણા પ્રતાપનું જોર અજમાવવાજ ઇચ્છતું હશે એમ ધારી મન સાથે દૃઢ નિશ્ચય કરી બનેલો બનાવ ઇશ્વરની ઇચ્છા માની થોડાક દીવસ તો ઘેર ગુપચુપ બેસીજ રહ્યો એવામાં, બ-જારના એક વ્યાપારીને મુન્યમની જરૂર હતી જેથી તે પરમાર્થ-રામને આવી મળ્યો અને તેને મુન્યમની પદ્દી આપવાને પોતાની

ઇચ્છા જણાવી. પરમાર્થરામ વિવેકી તેમજ અનુભવી અને ચોખ્ખો રહી બજારમાં સારી કીર્તિ મેળવેલી હોવાથી, આ નવીન શેઠને નક્કી ખાત્રી થઇ કે પરમાર્થરામથી આપણી દુકાન સારી રીતે ચાલશે અને દુકાનમાં થતી અનિતી અટકશે, એમ ધારી તેને પગારની બદલે વ્યાપારમાં તેનો ચાર આની ભાગ દાખલ કરવાને કહ્યું, પ્રભુ સર્વત્ર છે, શેઠની નોકરી છોડયાથીજ પરમાત્માએ શ્રેયના માર્ગે લીધો એમ માની નવા શેઠને પ્રણામ કરી સર્વ વાત કબુલ કરી તે દીવસથી પરમાર્થરામ એક મોટી દુકાનના ભાગીદાર તરીકે કાર્ય વહીવટ ચલાવતો થયો. અહિયાં ઉત્તરોત્તર પોતાના સદવર્તનથી તથા નેકીથી પોતાના દરેક કાર્યમાં અત્યંત લાભ થવા લ ગ્યો. શેઠ પણ મનમાં સમજ્યા કે પરમાર્થરામ ખરેખર હુશીઆર અને વ્યાપારમાં કુશળ નિતીમાન આદમી છે, માટે તેને સારો લાભ થાય તેમ કરવુ. શેઠના અંતરમાં પણ તેને માટે સારા વિચારો દાખલ થયા, વ્યાપારની આબાદી તેની સાથે પરમાર્થરામનાં શુભ પગલાંએ કરીને શેઠાણીને ગર્ભ રહ્યો, શેઠની ઉમરે પણ પુત્ર પ્રાપ્તિ નહિ હોવાથી આ વખતે તો શેઠ પરમાર્થરામ ઉપર ઘણાજ તુષ્માન થયા. શેઠાણીને પુત્રપ્રાપ્તિ થઇ આનંદનો દીવસ ઉજવાયો અને તેજ દીવસથી પરમાર્થરામને દુકાનના વહીવટદાર તરીકે નીમવામાં આવ્યા.

*　*　*　*

દીવસે દીવસે શેઠની વૃદ્ધાવસ્થા થવા લાગી, માંદગી વધતી ગઇ. એક દીવસે શેઠે પરમાર્થરામને પોતાના બીછાના નજીક બોલાવી પુત્રની તેમજ દુકાનની સાંપણી કરી અને તે દીવસથી તેનો અડધો ભાગ દુકાનમાં દાખલ કર્યો, પરમાર્થરામે શેઠની આગળ

ધર્મના સોગન ખાઇને પોતાના નાના ભાઇને તેમજ ધર્મની માતાને વિશ્વાસઘાત ન કરવાને તેમજ તેઓની જીવંત પર્યંત સેવા ઉઠાવવાને પ્રતિજ્ઞા લીધી, એટલે શેઠે શાન્તિથી પોતાનો દેહ મુકયો. ઘણાં વર્ષો વિત્યાબાદ શેઠનો પુત્ર ઉમર લાયક થયો, એટલે પરમાર્થરામે તેને તેના પીતાના કરતાં પણ વધુ મીલ્કત વ્યાપારમાંથી કમાઇને મેળવેલી સોંપી, તેણે પણ મોટા ભાઇનો ઉપકાર માની સ્વિકારી બાદ "નવી રાજા નવી પ્રજા" તેમ શેઠ પરણ્યા, સંસારમાં જોડાયા, એટલે સ્ત્રીયોના કજીયા અને લોકોના જુઠાં આળ વોરી લઇને નવા શેઠે પરમાર્થરામ સાથે પણ કજીયો કર્યો, કજીયાનું કારણ ફક્ત પરમાર્થરામ પાસે સારી મિલ્કત થયેલી હોવાથી અદેખા લોકોએ તેને ચોરીથી, લુચ્ચાઈથી મેળવેલી મિલ્કત છે, તેમ આ શેઠનું સર્વ ખાઇ ગયો, એવા અપવાદો લોકો તરફથી શેઠનું દીલ ઉશ્કેરનાર નીવડયા જેથી સંપમાં કુસંપ થયો અને પરમાર્થરામને રજા લેવાનો વખત આવ્યો. પરમાર્થરામ એક ગરીબ, નીર્ધન માણસ અત્યારે પોતાની અકલહુશીઆરીથી અનેક દુઃખો સહન કરી સારી મિલ્કત, આબરૂ મેળવી ઉચ્ચસ્થાને વિરાજેલો જોઇ અજ્ઞાન મનુષ્યો જોઇ શકતા નહોતા, જેથી તેની ઘણા લોકો ટીકા પણ કરતા. તે જાતે સાદો, સુશીલ, શાન્ત તેમજ પરોપકારી પુરૂષ હતો. તેની ઉમર આશરે, ૪૫) વર્ષની થઇ હતી જેથી તેણે પણ હવે આ સર્વ ખટપટથી દુર થઈ પોતાના ગામમાં જઇ એકાન્તવાસમાં રહી આનંદ માનવાનુંજ પસંદ કરી પોતાને ગામ ગયો. હવે પરમાર્થરામે બીલકુલ સાદાઇજ રાખી હતી. એક પોતીયું, ખભે ખેસ, અને એક બંડી (કબજો) અને પાઘડી ફક્ત એટલુંજ પહેરી કેટલીક વખત શહેરમાં આવતો ત્યારે

લોકો હસતા, મશ્કરી કરતા, અને ગાળો પણ દેતા કે અમુકનું લઇ ગયો, છતાં પણ સત્યને માનનાર કંઇ પણ બોલતો નહિ. કેટલાક તેના ધનની શી દશા થશે તેને પણ ઘણું ઘણું બોલતા, કેટલાક કહેતા કે જે રસ્તે આવ્યું છે તે રસ્તે જશે, એના અર્થમાં પરમાર્થરામ કહેતા કે:—

"જબ તું આયો જગતમેં, જગ હશે તું રોય;
કરણી ઐશી કીજીએ, તું હસે જગ રોય."

માટે મારા મૃત્યુ પછીજ જણાશે. કેટલાક પરમાર્થરામનાં ધનને માટે પણ પુછતા આવતા, છતાં તે સર્વને જવાબ ન આપી શકતો હોવાથી આખરે તેણે જીવતાંજ પોતાનું "પરમાર્થીવીલ" બનાવી દીધું અને વીલમાં પોતાની તમામ મિલ્કત પરમાર્થ કામમાંજ વાપરવાને જણાવી દીધું. નીશાળો, દવાખાનાં, નવા નવા ઉદ્યમોને માટે, તેમજ અપંગ નીરાધારોને માટે, જુદે જુદે ઠેકાણે તમામ મિલ્કત સુપ્રત કરી દીધી. સર્વેએ જાણ્યું ત્યારે પરમાર્થરામનાં અત્યંત વખાણ કરી તેની સુકિર્તિ ગાવા લાગ્યા અને તેના દરેક કાર્યમાં મદદરૂપ બની તેની કીર્તીને વધારવા લાગ્યા. જે જે મનુષ્યો કહેતા હતા કે જે રસ્તેથી ધન આવ્યું હશે તેજ રસ્તે જશે, તો તેજ પ્રમાણેનું બનેલું જોઇ સર્વ તેનું યશોગાન્ ગાવા લાગ્યા.

દરેક મનુષ્યે જગતમાં જન્મી પરમાર્થીક કાર્ય કરી સુયશ પ્રાપ્ત કરી, દેશનું કલ્યાણ ઇચ્છે છે એજ મનુષ્યનું જીવન ઉચ્ચ ગણાય છે. શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

લેખક—એમ. બી. દીવેટીઆ.